सत्यमेव जयते

# <u>અમદાવાદ (ગ્રામ્ય) ના  બીજા એડી.ચીફ. જ્યુ. મેજી.શ્રી ની કોર્ટમાં , નવરંગપુરા, અમદાવાદ.</u>

ફોજદારી કેસ નં. ૭૪૫૧/૨૦૨૬

**<u>-:આંક-૧ નીચે હુકમ:-</u>**

(૧) ફરીયાદ પક્ષે આરોપી ભરતભાઈ મંગળદાસ ચુનારા વિરુધ્ધ બી.એન.એસ. કલમ-૨૮૧ તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ રાખેલ છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે આ કામના આરોપીએ ચાર્જશીટમાં જણાવેલ સ્થળે અને સમયે અને તારીખે પોતાના કબજાનું વાહન રોંગ સાઈડમાં ભયજનક અને બેદરકારી રીતે પોતાની અને બીજા વાહન ચાલકોની જીંદગી જોખમાય તે રીતે ચલાવી લઈ આવી, પકડાઈ જઈ ગુનો કરેલ છે.

(૩) આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં પોલીસ પેપર્સની નકલો પુરી પાડી આરોપી આજરોજ કોર્ટમાં હાજર થતા તેઓની પ્લી લેવામાં આવતા તેમાં તેઓએ ગુન્હાનો ઈકરાર કરેલો છે અને તેઓએ અલગ કબુલાત પુરશીશ રજુ કરતા નોંધી, તે વંચાણે લેતાં આરોપીએ સ્વૈચ્છાપૂર્વક ગુન્હાની કબુલાત કરેલ છે.

(૪) આરોપીની સ્વૈચ્છાપૂર્વકની ગુન્હાની કબુલાત ધ્યાને લેતા તેમજ પોલીસ પેપર્સ વંચાણે લેતા આરોપીએ સદરહુ ગુન્હો કરેલ છે તેમ હું ઠરાવુ છું અને આરોપીની આર્થીક અને સામાજીક પરિસ્થિતી ધ્યાને લેતા તેમજ પ્રથમવાર ગુન્હો કરેલ હોય અને દયાની માંગણી કરતો હોય તે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>: હુ ક મ:</u>**

૧) આરોપી ભરતભાઈ મંગળદાસ ચુનારા ને બી.એન.એસ. કલમ-૨૮૧ તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.૫૦૦/-(અંકે રૂપિયા પાંચસો પુરા )નો દંડ અને દંડ ન ભરે તો વિકલ્પે ૩ દિવસની સાદી કેદની સજા ફરમાવું છું.

આજ તારીખ-૧૪-મી, માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતમાં સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૪/૦૩/૨૦૨૬

અમદાવાદ.

(નારણ હરદાસ નંદાણીયા)
બીજા એડી.ચીફ જ્યુડી.મેજી.,
અમદાવાદ (ગ્રામ્ય)
કોડ નં.GJ00906

ટી.એન.રાઠોડ